## આજની નવલી નવરાત

- સેક્ટર-૬, કલ્ચરલ ફોરમ, ગાંધીનગરના આંગણે સૂરીલી સરગમના કલ્યાણી કોઠારકર અને દિવ્યાંગ અંજારીયા રાસ - ગરબાની રમઝટ બોલાવશે.
- સેક્ટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં મયુર ઠાકોર ઓરકેસ્ટ્રા રાસ-ગરબાની રમઝટ બોલાવશે.
- સેક્ટર-૮ એકતા ચોકમાં બોરીજનું ઓમ સાઈ મ્યુઝિકલ ગૃપ રાસ-ગરબાની રમઝટ બોલાવશે.
- સેક્ટર-૫-સી, નવરાત્રી ચોકમાં શુભમ મ્યુઝિકલ ગૃપ રાસ-ગરબાની ધૂમ મચાવશે.
- સેક્ટર-૩-બી, નવરાત્રી ચોકમાં ક્રિષ્ના કલાવૃંદ ગરબાની રમઝટ કરાવશે.
- સરઢવ વારાહી ચોકમાં જય મેલડી મ્યુઝિકલ ગૃપ, ટીના રબારી રાસ-ગરબાની રમઝટ બોલાવશે.
- સેક્ટર-૩-ન્યુ નવરાત્રી ચોકમાં ગાંધીનગરના ગમેશ કલાવૃંદ રાસ-ગરબામાં જમાવટ કરશે.

## આનંદના ગરબા યોજાશે

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજે શુક્રવારે મીનાબેન વસંતભાઈ સુતરીયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૭૨/૧, સેક્ટર-૩-સી, બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે. ભાવિ ભક્તોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

● સેક્ટર-૨૩ ના માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો આજે શુક્રવારે બપોરે ૨.૩૦ થી ૫.૦૦ દરમિયાન બી-૧ ટાઈપ વરદાયિની ચોકમાં સેક્ટર-૨૩ ખાતે યોજાશે. ભક્તોની ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# સે. ૨૧માં ૧.૧૦ લાખની ઘરફોડ કરી જનાર શખ્સ પકડાયો

### વિસેક દિવસ પહેલા સે. ૨૧ જીમખાના બાજુના મકાનનું ડીસમીસથી તાળુ તોડ્યું હતુ : એલસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સે. ૨૧ શાકમાર્કેટ પાસેથી ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે એક ચોરીના મોબાઈલ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. તેની સઘન પુછપરછ કરતાં વિસેક દિવસ પહેલા સે. ૨૧ જીમખાનાની બાજુના મકાનમાં થયેલી રૂ. ૧.૧૦ લાખના ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. એલસીબીની ટીમે રીઢા ઘરફોડીયાની ધરપકડ કરી લઈને ઊંડી પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર ડીએસપી શરદ સિંઘલની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમે ઘરફોડીયા પકડવા બાતમીદારો સક્રીય કર્યા છે. પીએસઆઈ એચ.કે. સોલંકી, એએસઆઈ સુરેશભાઈ, કિરણસિંહ, હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે

એએસઆઈ કિરણસિંહને બાતમી મળી હતી કે સે. ૨૧ શાકમાર્કેટમાં એક શખ્સ ચોરીના મોબાઈલ સાથે ફરી રહ્યો છે. વોચ ગોઠવીને એલસીબીની ટીમે કોબા નજીક સુઘડ ડેરી પાસે રહેતા રવિ દલસુખ દંતાણીને પકડી પાડ્યો હતો. તેની ઊંડી પુછપરછ કરતાં સે. ૨૧ જીમખાનાની બાજુના એક મકાનમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે. ૨૩ થી ૨૫ દિવસ પહેલા ડીસમીસથી મકાનનું તાળુ તોડીને રવિએ રૂ. ૭૦ હજાર રોકડા તથા રૂ. ૪૦ હજારની કિંમતની સોનાની બંગડીઓ તથા એક મોબાઈલ મળીને કુલ રૂ. ૧,૧૧,૦૦૦ની મત્તાની ઘરફોડ કરી હોવાની કબુલાત કરી લીધી છે. ભુતકાળમાં સે. ૨૧, સે. ૭ અને અડાલજ પોલીસના ચાર થી પાંચ ચોરી, ઘરફોડ જેવા ગુનામાં તે પકડાઈ ચુક્યો હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યુ છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

પાટનગરનાં ખુલ્લા રસ્તાઓ પર બેફામ ગતિએ દોડતા વાહનો વચ્ચે અવારનવાર અકસ્માતો સર્જાય છે. છતાં ન તો વાહન ચલાવનાર ધ્યાન રાખે છે ન તો રાહદારીઓ... ગઈ કાલે 'ચ' રોડ પર આવો જ અકસ્માત મારૂતિ ફ્રન્ટી અને ટુ વ્હીલર વચ્ચે થયો હતો. જેમાં સ્કુટર સવારને ઈજાઓ થઈ હતી.

# ટ્રક ડ્રાઈવર-કલીનરને બાંધીને લુંટી લેનાર શખ્સ ૧૨ વર્ષે ઝડપાયો

### વર્ષ ૨૦૧૨માં શેરથા હાઈવે પર લુંટ ચલાવી હતી : એસ.ઓ.જી.ની ટીમે ઝબ્બે કર્યો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીકના શેરથા હાઈવેપર વર્ષ ૨૦૦૨માં ટ્રક ડ્રાઈવર અને કલીનરને બાંધી દઈને લુંટ ચલાવવામાં આવી હતી. આ ગુનામાં ૧૨ વર્ષથી વોન્ટેડ શખ્સને ગાંધીનગર એસઓજીની ટીમે બાતમ મેળવીને અડાલજ પાસેથી ઝડપી પાડયો છે. આરોપીને ઝડપી લઈને વધુ તપાસ માટે અડાલજ પોલીસને સોંપવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૦૨માં શેરથા કલોલ હાઈવે પર એક ટ્રકને ઉભી રખાવીને ટ્રકના ડ્રાઈવર કલીનરે ઉતારી મુકી તેમને બાંધી દેવામાં આવ્યા હતા અને તેમની પાસેથી રોકડ રૂપિયા અને અન્ય મુદ્દામાલ લુંટી ઢોર માર મારીને લુંટારું ટોળકી ભાગી ગઈ હતી. વર્ષ ૨૦૦૨થી અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં વોન્ટેડ આ લુંટના ગુનાનો આરોપી આખરે ૧૨ વર્ષે ઝડપાઈ ગયો છે. એસ.પી. શરદ સિંઘલની સુચનાથી એસઓજી પી.આઈ. જે.જી. બ્રહ્મભટ્ટ તથા પીએસઆઈ ડી.બી. વાળા અને એએસઆઈ દિલીપસિંહ સહીતની ટીમે વોન્ટેડ આરોપી ધોળકાના દરીયા કાળુ ડફેરની અડાલજ પાસે પુરોહીત હોલ નજીકથી ઝડપી લીધો છે. આરોપીને અડાલજ પોલીસને સોંપતા અડાલજ પોલીસે ધરપકડ કરીને ઊંડી પુછતાછ શરુ કરી છે.

# દુધના પોષણક્ષમ ભાવો ન મળતા દુધ ઉત્પાદકોની ગાંધીનગરમાં રેલી નિકળી

ગાંધીનગર, તા.૨૫

દુધના પોષણક્ષમ ભાવો નહી મળતા હોવાની રજુઆત સાથે દુધ ઉત્પાદકોએ આજે ગાંધીનગરમાં રેલી કાઢીને વિરોધ વ્યકત કરી મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું હતું.

દુધ સાગર ડેરી દ્વારા દુધ ઉત્પાદકોને દુધના પોષણક્ષમ ભાવો આપવામાં આવતા નહીં હોવાને કારણે આજે દુધસાગર ડેરીના અંદાજે એક હજાર જેટલા દુધ ઉત્પાદકોએ એક વિશાળ રેલી ગાંધીનગરમાં કાઢીને પોતાનો રોષ વ્યકત કરીને પોષણક્ષમ ભાવો આપવાની ઉગ્ર માંગણી કરી હતી.

દુધ ઉત્પાદકોના આગેવાનોએ દુધસાગર ડેરીમાં નિયામક મંડળ દ્વારા ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આક્ષેપ કરીને નિયામક મંડળને બરતરફ કરવાની માંગણી સાથેનુંએક આવેનદપત્ર મુખ્યમંત્રીને આપવામાં આવ્યું હતુ. આ ઉપરાંત જો ન્યાય ન મળે તો આગામી દિવસોમાં ગાંધીનગરમાં રેલી યોજી દૂધને રસ્તા પર ઢોળવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા વિવિધ આંગણવાડીઓમાં પંખાનું વિતરણ કરાયું

ગાંધીનગરની ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા તાલુકાના કેટલાક ગામોની આંગણ વાડીઓમાં પંખા વિતરણનું કાર્ય હાથ ધરાયું હતું. આ પંખા યુએસએ સ્થિત બિપીનભાઈ દેસાઈ નામના દાતાના સહયોગથી આ સંસ્થાઓને આપવામાં આવ્યા હતાં. ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઈટાદરા મુકામે આવેલ આંગણવાડીમાં દિવાલ ઉપર લગાડવાના પંખા, ગાંધીનગર તાલુકાના વાસણ, પેથાપુર અને પાલજ ઉપરાંત દહેગામ તાલુકાના ધનોલ ગામે પણ આંગણવાડીઓમાં પંખા આપવામાં આવ્યા હતા. આ કાર્યમાં ઈટાદરા ગામના સરપંચ સહિત દેના બેંકના રામસિંગભાઈ, વર્ષાબેન, રણજિતસિંહ વાઘેલા, ભરતભાઈ મિસ્ત્રી, છત્રસિંહ તેમજ દિલીપસિંહ રાજપુતનો સહકાર પ્રાપ્ત થયો હતો.

# રામકૃષ્ણ મિશન દ્વારા સ્વામી વિવેકાનંદ કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૫

દેશભરમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે ત્યારે તે ઉજવણીના ભાગ રૂપે વડોદરાના શ્રી રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ દ્વારા શાળાઓના વિદ્યાર્થીઓ માટે કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ થાય, રાષ્ટ્રભાવના જાગૃત થાય અને સારા નાગરિકોનું ઘડતર થાય તે માટેનો છે.

આ કવીઝ સ્પર્ધા તા. ૨૭મી નવેમ્બરના રોજ સવારે ૧૧ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાશે. આ સ્પર્ધામાં રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ દ્વારા બાળકોને 'સ્વામી વિવેકાનંદ જીવન અને સંદેશ' નામનું પુસ્તક બાળકોને આપવામાં આવશે. જેના આધારિત સ્પર્ધામાં પ્રશ્નો પુછવામાં આવશે. આ સ્પર્ધામાં ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના બાળકો ભાગ લઈ શકશે અને ભાગ લેવા માટે તા. ૧૦મી ઓકટોબર પહેલા તમામ વિદ્યાર્થીઓના અરજી પત્રક શાળાના આચાર્યે સંસ્થાને મોકલી દેવાના રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થી દીઠ રૂપિયા ૨૦ પ્રવેશ શુલ્ક રાખવામાં આવ્યું છે. આસ્પર્ધામાં ૫૦ ટકાથી વધુ ગુણ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાશે. આ સ્પર્ધામાં દરેક શાળામાંથી એક વિદ્યાર્થીની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદગી કરવામાં આવશે. આ સ્પર્ધા ૫૦ ગુણની રાખવામાં આવી છે જેમાં ૪૦ ગુણ ઓએમઆર પધ્ધતિના તેમજ ૧૦ ગુણ વર્ણનાત્મક પ્રશ્નોના રહેશે.

નવરાત્રિ પર્વ નિમિત્તે શંકરસિંહ બાપુ એન્જીનીયરીંગ કોલેજ ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શંકરસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા તેમજ સંસ્થાનાં પદાધિકારીઓએ ઉપસ્થિત રહી 'મા' અંબાની આરાધના કરી હતી અને ગરબે રમવા આવેલ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. (તસવીર : કમલેશ શાહ)

## રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ મેળવ્યો

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ આપવામાં આવે છે. ચૌધરી કોલેજની વિદ્યાર્થીની કુ. વૃશાલી ચૌધરીને વર્ષ ૨૦૧૩-૧૪ નો રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ પાટણ ખાતે એનાયત કરવામાં આવ્યો હતો. ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીને શ્રેષ્ઠ સેવાનો એવોર્ડ એનાયત થવાથી કોલેજમાં ખુશી વ્યાપી જવા પામી છે. કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સાંતેજ ચોકડીથી બિયરની બોટલો ભરેલી ટ્રવેરા પકડાઈ

### રૂ. ૪.૬૦ લાખના મુદ્દામાલ સાથે એક રાજસ્થાની શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત સાંતેજ ચોકડી પાસેથી ગઈ મોડી સાંજે સાંતેજ પોલીસની ટીમે બાતમીને આધારે બિયરની બોટલોનો જથ્થો ભરેલી એક ટવેરા ગાડી ઝડપી પાડી હતી. રૂ. ૪.૬૦ લાખના બિયર તથા ગાડી સહિતના મુદ્દામાલ સાથે એક રાજસ્થાની શખ્સની ધરપકડ કરીને સાંતેજ પોલીસે ઊંડી તપાસ શરૂ કરી છે.

કલોલના સાંતેજ ચોકડી રોડ પરથી બિયરનો જથ્થો ભરેલી એક ટ્રવેરા ગાડી પસાર થતી હોવાની બાતમીને આધારે સાંતેજ પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.એન. દવે તથા તેમની ટીમે સાંતેજ ચોકડીએ વોચ ગોઠવીને ગઈ સાંજે બિયરનો જથ્થો ભરેલી ટ્રવેરા ઝડપી પાડી હતી. ટ્રવેરા ગાડીમાં તપાસ કરતાં અંદરથી ૬૦૦ બિયરની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ. ૬૦ હજારની બિયર અને રૂ. ૪ લાખની ગાડી મળીને કુલ રૂ. ૪.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ રાજસ્થાનના ગોવિંદ ઊર્ફે શંકર નાથુ લુહાર નામના શખ્સની ધરપકડ કરી લઈ વધુ તપાસ શરૂ કરી છે.

# કડી યુનિવર્સિટી એન.એસ.એસ. ટીમે પાટણમાં ડંકો વગાડ્યો

પાટણ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી ખાતે રાજ્યકક્ષાનો એન.એસ.એસ. ઉજવણી કાર્યક્રમ યોજાયોહતો. ઉજવણીમાં ૧૩ યુનિવર્સિટીઓ અને જિલ્લાની ૧૬ શાળાઓએ ભાગ લીધો હતો. સર્વ વિદ્યાલય કડી ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ડંકો વગાડ્યો છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના યજમાન પદે રાજ્યકક્ષાના એન.એસ.એસ. દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સ્પર્ધામાં ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયે ૧૯ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં ૬ સ્પર્ધાઓમાં વિજેતા બની હતી. જેમાં સ્કીટ સ્પર્ધામાં પ્રથમ, સમૂહગાન અને ગરબા હરિફાઈમાં બીજો, સમૂહ નૃત્યમાં ત્રીજો અને વક્તૃત્વ સ્પર્ધા અને શોર્ટ સ્ટોરીમાં અંજલી પટેલે બીજુ સ્થાન મેળવ્યુ હતુ. ઉજવણીમાં ૧૩ યુનિવર્સિટીમાંથી સૌથી વધુ સ્પર્ધામાં કડી યુનિવર્સિટી વિજયી બની હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૦
સૂર્યાસ્ત : ૬.૩૧

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૯ ટકા ● સાંજે ૫૯ ટકા

## મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૨ :
ખૂબસૂરત : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ડિલીવર અસ ફ્રોમ એવિલ (અંગ્રેજી) : ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
ખૂબસૂરત : ૧૦.૦૦
દાવત એ ઈશ્ક : ૧૨.૧૫, ૭.૪૫
૩ એ.એમ. : ૨.૩૦
બે યાર (ગુજરાતી) : ૫.૦૦
ડેસી કટ્ટે : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
૩ એ.એમ. : ૧૦.૦૦
ડેસી કટ્ટે : ૧૨.૩૦, ૬.૩૦
ખૂબસૂરત : ૩.૩૦
દાવત એ ઈશ્ક : ૧૦.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ડેસી કટ્ટે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
૩ એ.એમ. : ૧.૧૫, ૭.૧૫
સ્ક્રીન-૩ :
બલવિંદરસિંઘ ફેમસ હો ગયા : ૧૦.૦૦, ૭.૦૦
દાવત એ ઈશ્ક : ૧.૦૦
૩ એ.એમ. : ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું.

**વૃષભ** : નિર્ણયો ખાનગી રાખવા જરૂરી છે. મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. કામકાજની સ્થિતિ લાભદાયક રહેશે. શત્રુ પરાસ્ત થશે,

**મિથુન** : પ્રયાસ કરવાથી અટકેલા પૈસા મળવાની શકયતા. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. જોખમ, જવાબદારીના કામોમાં સાવચેતી રાખવી. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**કર્ક** : મિત્રો સાથે સમય પસાર થશે. આર્થિક રોકાણ વિચારીને કરવું. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

**સિંહ** : કોઈ પ્રિય વ્યક્તિથી ભેટ થઈ શકે છે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે. કુટુંબમાં વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટે.

**કન્યા** : સ્થાયી સંપત્તિ ખરીદની સંભાવના છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**તુલા** : ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન રહે. નવા સંબંધો લાભદાયક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**વૃશ્ચિક** : કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે.

**ધન** : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. નોકરીમાં અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**મકર** : સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુમજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**મીન** : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રામપ્રસાદ લાલુભાઈ મુંગડ (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૧૯૯/૧, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. હર્ષદરાય ચુનીલાલ પટેલ (ઉ.વ.૭૫) સેકટર-૩સી, પ્લોટ ૪૯/૨, ગાંધીનગર
- મમતાબેન પુનમજી જાદવ (ઉ.વ.૨૦) મુ. પીરોજપુરા, તા.જી. ગાંધીનગર
- ઠાકોર અમરીબેન લાલાજી (ઉ.વ૬૬) મુ. ઉવારસદ, તા.જી. ગાંધીનગર